વહેમ.

ભાષાંતરકર્તા:

મિ. ઉજમશી ત્રિભુવનદાસ શાહ, વકીલ

પાઈ

[redacted]હેમ

૧. પ્રસ્તાવના

(૧) [redacted]હેમની વ્યાખ્[redacted]

[redacted]ાઈ પણ પાયા [redacted]ારની વાતને વ[redacted]ર વિચારે અજ્ઞાનથી માની [redacted]લેવી, તેને વહે[redacted] કહે છે. કેટલ[redacted] મેલા દેવોની પૂજા, શકુન-[redacted]પશકુન, જોશી[redacted]ાના જોશ તેમજ[redacted] ભૂવા ભગતની વાતો પણ વહેમજ છે.

([redacted]) વહેમોની નોં[redacted]

ઘણા અજ્ઞાન લોક બહુ વહેમી હોય છે. જે વાત પર ડાહ્યા અને કેળવાએલા માણસો જરા પણ ધ્યાન આપતા નથી તેવી નજીવી બાબતોને અજ્ઞાન માણસો પોતાના વહેમને લીધે ઘણું મોટું રૂપ આપે છે. કોઇ છીંક ખાય, બિલાડી આડી ઉતરે, ઘરોળી બોલે, મુસાફરીએ નીકળતાંજ અથવા કોઇ પણ કામને અર્થે ગામ જતાં જો એકજ બ્રાહ્મણ મળે અથવા રાંડેલી સ્ત્રી મળે, અથવા સવારમાં ઉઠતાં કોઈ વહેમી કે અપશકુનીઆનું મોં જોવાઇ જાય, તો એવાં માણસોને ઘણી શંકા ઉત્પન્ન થાય છે. નસીબ કે નજર લાગવાને લીધે તેમના દરેક કામ ઉપર ભારે અસર પડતી તેઓને લાગે છે.

વળી કેટલાક તો લગ્ન જેવાં સારાં કામ કરતાં, વાવતાં, મુસાફરીએ નીકળતાં, હજામત કરાવતાં, નવા ઘરમાં રહેવા જતાં, નવાં કપડાં પહેરતાં, બાળકોને નિશાળે બેસાડતાં, તેમજ લગ્ન પછી નવું જોડું ઘરમાં પ્રવેશ કરે તે પહેલાં પણ સારાનરસા દિવસો અને મુહુર્ત શોધે છે.

૨. એ વહેમોનો ખુલાસો

(૧) છીંક

દાખલા તરીકે આપણે છીંકનો વહેમ લઈએ. છીંક તો સૌને આવે છે. તે બહુ સાધારણ બાબત છે. પણ ઘણા વહેમી લોક માને છે કે છીંકથી કોઈ ભેદી રીતે આપણી જીંદગી પર સારીમાઠી અસર થાય છે. તે વિષે જુદી જુદી માન્યતાઓ ચાલે છે. કોઈ કહે છે કે એક માણસ કામ શરૂ કરે તે પહેલાં જો બીજો કોઈ એક વાર છીંક ખાય તો તેથી નુકસાન થાય છે; પણ જો ઘણી વખત છીંક ખાય તો લાભ થાય છે. તેમાંએ છીંક ખાધા પછી ઉધરસ આવે, તો તો ઘણોજ ફાયદો થાય; અને છીંક આવ્યા પછી નાક ગળે, તો તે મોત આવવાની નિશાની છે.

કેટલાક એમ માને છે કે પાન ખાતાં, સૂવાની તૈયારી કરતાં કે ખાવાનું શરૂ કરતાં માણસને પોતાને છીંક આવે તો લાભ થાય: અને કોઈ પણ કામ શરૂ કરતી વખતે અથવા મુસાફરીએ નીકળતી વખતે જો ગાય કે ભેંસ જેવું પશુ છીંક ખાય, તો જરૂર મોત થાય કે મોતના જેવી કોઈ આફત આવી પડે; જો ત્રાંબું, પિત્તળ કે સોનું હાથમાં હોય તે વખતે છીંક થાય તો ફાયદો થાય; પણ જો લોઢા કે રૂપાને અડતાં છીંક થઇ તો જરૂર નુકસાન થાય.

ઉપર આપણે છીંકનો દાખલો લીધો. જો એક રીતે છીંક આવે તો લાભ થાય અને બીજી રીતે આવે તો નુકસાન થાય. આવીજ ભૂલભરેલી માન્યતા બિલાડી, ઘરોળી, કાગડા અને સાપ વગેરે માટે ચાલે છે. એક રીતે થાય તો શુભ શકુન મનાય અને બીજી રીતે બને તો તેજ અપશકુન ગણાય.

હવે છીંક શાથી આવે છે તે જોઈએ. છીંકમાં એવું શું છે કે માણસો તેનાથી આટલા બધા બીએ છે? સળેખમ કે બીજા

કારણથી નાકમાં સળવળાટ થતો હોય, તે ઓછું કરવાને ઉપરથી હવાનું દબાણ કરવાની ઇશ્વરે આપણા શરીરની રચના કરી છે. તેથીજ છીંક આવે છે.

જે માણસ છીંક આવવાનું ખરૂં કારણ સમજે છે, તેને અપશકુનનો વિચાર પણ આવતો નથી. પણ અજ્ઞાન માણસો પોતાની અણસમજને લીધે આવી અર્થ વગરની બાબતોને અગત્યની ગણી તેનું કારણ શોધવા બેસે છે, અને પોતે ખરૂં કારણ સમજતા નથી ત્યારે શકુન અપશકુન જેવા વહેમોમાં પડી નકામા દુઃખી થાય છે. આબાદ થવા માટે શકુનની જરૂર નથી; પણ ઉદ્યમ, ખંત, નિશ્ચય અને આગળ વધવાની ઇચ્છાની જરૂર છે.

(૨) નજર લાગવી

કેટલાક હિન્દુઓ ખાસ કરીને નજર લાગવાની બાબત માને છે. પોતાના દેખાવડા બાળકને કોઈ જુએ, તો જોનારની નજર ન લાગે એ માટે બાળકના ગાલે કે કપાળે મેશનો (કાળો) ચાંલ્લો કરે છે; અને તેને કદરૂપું બનાવે છે.

ગાય કે ભેંસનું બાકિલું કોઇ જુએ, તો નજર લાગે અને તેથી દૂધ ઓછું નીકળે એવું પણ ઘણાં માને છે.

ઘરનાં માણસ ઘી ખાય તે પહેલાં ગાય કે ભેંસના દૂધની છાશ બહાર મોકલવાથી ગાય-ભેંસ માંદી પડે અથવા તેનું દૂધ ઓછું થઈ જાય; પરંતુ જો બનાવનારને ઘેર કોઈ આવે, અને છાશ ખાય તો તેથી કંઇ નુકસાન થતું નથી એવું વહેમી લોકો માને છે. વળી તેઓ કહે છે કે વીઆયા પછી એક મહીને છાશ બહાર મોકલવામાં કંઈ વાંધો નથી.

સારાં કપડાં પહેરીને કોઈ જુવાન સ્ત્રી બહાર નીકળે તો તેને નજર લાગે છે અને તેથી તેના શરીરના સાંધા દુખે છે, માથું દુખે છે, ઉંઘ આવતી નથી અથવા આંખમાંથી પાણી નીકળે છે.

કોઇ કોઈ વખત યુવાન પુરુષને પણ નજર લાગે છે; આવી આવી વાતો વહેમી માણસો કરે છે.

આવી નજરના વહેમ ટાળવા લોકો અર્થ વગરની લાંબી ક્રિયાઓ કરે છે.

એક જ્ઞાતિના લોકો જમતા હોય તે વખતે બીજી જ્ઞાતિનું માણસ તેમને જોઈ જાય તો બધાંને નજર લાગે છે અને તેથી અપચો થાય છે. પરંતુ પોતાની જ્ઞાતિના માણસની નજર નથી લાગતી.

કેટલાક દેશોમાં બાળકોનાં પ્રદર્શન ભરાય છે અને સૌથી તંદુરસ્ત અને દેખાવડાં બાળકનાં લોકો વખાણ કરે છે અને ઇનામ આપે છે; છતાંએ તેમને તો નજર નથી લાગતી! જ્યારે ઉપર પ્રમાણેની વહેમ ભરેલી સાવચેતીઓ રાખનાર હિન્દુસ્તાનનાં વધારે બાળકો માંદાં પડી જાય છે. અરે! જગતના કોઇ પણ દેશ કરતાં હિન્દુસ્તાનમાં બાળકનું મરણપ્રમાણ વધારે છે.

ઘણા દેશોમાં વધારે દૂધ આપનાર જાનવરને બતાવવા પ્રદર્શન ભરે છે અને રોજ દૂધની નોંધ રાખી જાહેર ખબરો છપાવી લોકોને વહેંચે છે. પણ તે જાનવરોને તો નજર નથી લાગતી. ઉલટું તે ગાયો આપણી ગાયો કરતાં ત્રણગણું દૂધ આપે છે.

હિન્દુસ્તાન તેમજ બીજા દેશોમાં ઘણાએ લોકો મોટી સંખ્યામાં સાથે બેસીને મોટા ને ભવ્ય ઓરડાઓમાં આનંદથી ભોજન કરે છે અને કોઈને નજરનો તો વિચાર પણ નથી આવતો.

જો નજરની વાતમાં કંઇ સત્ય હોય, તો તેની અસર બધા માણસો પર સરખીજ થવી જોઈએ.

૩. જ્યોતિષનો વહેમ

હિન્દુસ્તાનમાં ઘણા લોક મુહૂર્ત જોયા વિના કંઈ કરતા નથી. લગ્ન કરતાં પહેલાં, વાવણી શરૂ કરતાં, મુસાફરીએ નીકળતાં તેમજ ઘર બંધાવતાં અને છોકરાંને નિશાળે બેસાડતાં પહેલાં બ્રાહ્મણને પૂછે છે.

આ પ્રમાણે મુહૂર્ત જોવડાવવા તથા સારાં કામ સારા મુહૂર્તે કરવા લોકો ઘણી કાળજી રાખે છે, છતાં કોઇ પણ દેશ કરતાં હિન્દુસ્તાનમાં વિધવાઓ વધારે છે, બીજા ઘણા દેશો કરતાં અહીં દુકાળ વધારે પડે છે, અથવા પાક બગડે છે, અને હિન્દુસ્તાનના ખેડુત ઘણી ગરીબ દશા ભોગવે છે.

જ્યાં લોકો વહેમી હોય અને નજીવી બાબતમાં જોશી પાસે દોડી જાય, ત્યાં જોશીઓની સંખ્યા વધી જાય તેમાં શી નવાઈ! લોકોના અજ્ઞાનને લીધેજ ભૂવા, ભગત અને જોશીઓનો ધંધો ધમધોકાર ચાલે છે. આ લોકો બિચારા ભોળા લોકના વહેમી સ્વભાવનો લાભ લઇ તેઓને છેતરે છે.

૪. નસીબ અને વ્યક્તિગત જવાબદારી

હિન્દુસ્તાન દેશ ગરીબ કેમ છે? આનાં ઘણાં કારણો છે, તેમાંનું એક કારણ એ છે કે હિન્દુસ્તાનમાં ઘણા લોક માને છે કે ઇશ્વરની ઇચ્છા હશે તેવી સ્થિતિમાં દેશ રહેશે; દેશની સ્થિતિ સુધારવા મહેનત કરવાની કંઇ જરૂર નથી. જો ઘણાં માણસો દેશમાં આવી માન્યતા ધરાવતાં હોય તો આખો દેશ નસીબવાદી થઈ જાય.

કોઈ પણ માણસ કે દેશની સ્થિતિ કેવી થશે તે અલબત ઇશ્વરની જાણમાં છે, પરંતુ ઈશ્વરે આપણને ઇચ્છાની બાબતે સ્વતંત્રતા આપી છે તેનો આપણે ઉપયોગ કરીએ તેમાં તે આડો

આવવા માગતો નથી. ભૂલને પાત્ર પણ આશીર્વાદયુક્ત માણસ-જાતને ઈશ્વરે જે જે બક્ષીસો આપી છે તેમાં આ સ્વતંત્રતારૂપી બક્ષીસ સૌથી મોટી છે.

જો માણસ ઉદ્યમી અને ખંતીલો થાય, તો ઈશ્વર તેની આડે નથી આવતો; તેવીજ રીતે માણસો સુસ્ત અને એદી થઇ પડી રહે તોપણ ઈશ્વર તો જોયાજ કરે છે.

માણસ સારાંનરસાં જે જે કામ કરે છે, તેના પરિણામ માટે તે જવાબદાર છે. ઈશ્વરે માણસને પોતાના જેવોજ બનાવ્યો છે, જુદી જુદી ઇંદ્રિયો આપી છે, અને વિવેકશક્તિ બક્ષેલી છે. તે ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે માણસે ખરાખોટાનો ભેદ સમજી ઇશ્વરને ગમતાં કામ કરવાં જોઇએ, ને તેનો મહિમા વધારવો જોઇએ.

આપણને આપણાં માબાપ તરફથી કેટલાક ગુણદોષ વારસામાં મળે છે એ ખરૂં છે; તેજ પ્રમાણે પશુને પણ પોતાનો જાતિસ્વભાવ વારસામાં મળે છે. પણ માણસ અને પશુમાં એટલો ફેર છે કે માણસ પોતાનો સ્વભાવ બદલી આગળ વધી શકે છે, પરંતુ પશુ તેમ કરી શકતું નથી.

૫. વહેમના બે ખોટા ઉપાય

(૧) મંત્રો તથા તાવીજ

કોઈ પણ જાતનું સંકટ આવી પડે તેને દૂર કરી સુખી થવાનો માર્ગ શોધવો એ માણસનો સ્વભાવ છે. તેથી જેઓને મંત્ર અને તાવીજ પર શ્રદ્ધા હોય છે, તેઓ સાધારણ રીતે દુઃખ દૂર કરવાનો ઉપાય તેમાંથી શોધે છે.

કોલેરા, શીતળા, આંતરીયા તાવ અને બીજા કેટલાક રોગો માણસ તેમજ ઢોરને થાય છે, તેને માટે વહેમી લોક કહે છે કે

" આ તો દેવોનો કોપ છે. દેવો આપણા પર ગુસ્સે થયા છે તેથી આ રોગ આવેલો છે."

આવા કલ્પિત ભયથી તેઓ જોશી પાસે દોડી જાય છે, એટલે જોશીઓ પણ દેવોને શાંત કરવા પૂજાપાઠ કે હવન કરવાની કે રથ કાઢવાની સલાહ આપે છે.

જ્યારે કોઈ ખાસ રોગ ચાલતો ન હોય, ત્યારે પણ વહેમી લોક માને છે કે હવામાં હંમેશાં દૈત્યો–ભૂતો ફરે છે અને તે માણસોને દુઃખી કરવા મહેનત કરે છે. ખાસ કરીને મંગળવારે અને શુક્રવારે બપોરે, સાંજે, તેમજ મધરાતે સ્ત્રીઓને આ ભૂતો હેરાન કરે છે; તેથી કેટલીક વહેમી સ્ત્રીઓ આ દિવસોએ ઘર બહાર નીકળતી નથી.

આ ભૂતો કાઢનાર એક જાતના વૈદ્યો હોય છે. તેમને ભૂવા, ભગત વગેરે જુદા જુદા નામથી લોકો ઓળખે છે. તેઓ કહે છે કે ભૂત કાઢવાના બે રસ્તા છે: એક ગળે, હાથે, કે કાંડે મંત્રેલાં માદળીઆં બાંધવાનો, અને બીજો મંત્ર ભણીને કાઢવાનો. આ બેઉ રીતે ભૂત કઢાવનારને ઘણું ખરચ થાય છે અને ભગતનું ઘર ભરાય છે.

(૨) યાત્રા

ઉપર જણાવેલ મંત્રો અને તાવીજ વાપરવા ઉપરાંત કેટલાંક વહેમી માણસો દેવોને ખુશ કરીને તેમની પાસેથી કંઇક પ્રાપ્ત કરવાના ઇરાદાથી ઘરબાર છોડી જાત્રાએ નીકળે છે, અને ઠેકાણે ઠેકાણે ભમે છે.

કેટલાંક પૈસા વિનાજ જાત્રાએ નીકળે છે અને રસ્તે ભીખ માગતાં માગતાં જાય છે. કેટલાક ચાલવાને બદલે સાષ્ટાંગ પડે છે, અને દરેક વખત પોતાની લંબાઇ જેટલો માર્ગ કાપતા કાપતા

જાય છે. આમ કરવાનું કારણ એ કે જેમ વધારે દુઃખ વેઠીને તીર્થે પહોંચે તેમ વધારે પુણ્ય થાય એવું તેઓ માને છે.

આવી તીર્થભૂમિના વતનીઓમાંના કેટલાક ભલા માણસો યાત્રાળુઓના દુઃખની દયા ઉપજે એવી વાતો કરે છે.

કોઈ પણ જગાએ યાત્રા કરવાથી યાત્રાળુને કંઇ લાભ થયો હોય અથવા તેઓ વધારે સુખી કે પવિત્ર થયા હોય એવું જાણવામાં આવ્યું નથી. કોઈ કોઇ વખત તો તીર્થના રસ્તે જતાં બાજુએ ભૂખ અને દુઃખથી મરી ગએલ યાત્રાળુઓનાં હાડપિંજર જોવામાં આવે છે.

૬. વહેમનો ફેલાવો અને તેની અસર

જે દેશમાં ઘણાં થોડાં માણસ લખી વાંચી શકે છે તે દેશમાં લોકોનો બધો આધાર તેમના પોતાના તેમજ પોતાના અજ્ઞાન મિત્રોના અનુભવ પર છે; આ કારણથી દેશમાં ધીમે ધીમે વહેમ વધતા જાય છે.

અજ્ઞાન લોકોનું આખું જીવન વહેમથીજ ઘડાએલું હોય છે, અને એક પછી એક વહેમનાં બંધનોમાં તે બિચારાં પડતાં જાય છે. આ પ્રમાણે તેવાં માણસોનો કુદરતી વિકાસ હંમેશને માટે લગભગ અટકી પડે છે.

અહીં એક વાત જાણવી જરૂરની છે કે અદૃશ્ય આત્મિક શક્તિઓ અસ્તિત્વ ધરાવે છે અને માણસના જીવન પર તે ઘણી સત્તા ધરાવે છે; તેથી આ અદૃશ્ય પણ ખરેખરી આત્મિક શક્તિઓ તે કેવી, અને માણસોએ વહેમથી કલ્પી કાઢેલા ખોટા ભય તે કેવા, એ બે વચ્ચેનો ભેદ સમજવો જરૂરનો છે. આ વાત સમજવા માટે આપણે બીજા અનુભવી માણસોના વિચાર જાણવા તથા વાંચવા જોઇએ.

આ કારણથી જે માણસ વાંચી શકતો નથી તે માણસને જીંદગીની દોડમાં ઘણું નુકસાન સહન કરવું પડે છે. દરેક માણસના જીવનમાં એવા હજારો નાનામોટા બનાવો બને છે, કે જેના અર્થ અને મહત્ત્વ ઉપરથી તેની ઘટે તેટલી કિમ્મત કરવી જોઈએ ; કેમકે એ બરાબર ન સમજવાથી માણસ પોતાની જાતનેજ ઘણું નુકસાન કરે છે.

દાખલા તરીકે ઘણા માણસો ગંગા, ગોદાવરી, કાવેરી વગેરે નદીઓને પવિત્ર ગણે છે, અને તેઓ માને છે કે દેવો આ પવિત્ર નદીઓનું રક્ષણ કરે છે. તેથી જ્યારે તે નદીઓ પર પૂલો બંધાયા, ત્યારે તે અટકાવવા ઘણા માણસો પોતાના જીવ આપવા તૈયાર થયા હતા, કારણ કે તેઓ માનતા હતા કે પૂલો બાંધવાથી દેવોનું અપમાન થાય છે.

વળી જ્યારે હજારો એકર જમીનને પાણી પાવા આ નદીઓમાંથી નહેરો ખોદી, ત્યારે પણ ઘણાં માણસો ઉપર જણાવેલા વહેમને લીધેજ ઉશ્કેરાયા હતા.

આ મોટી બાબતો પર વિચાર કરતાં કોઇ પણ માણસ સમજી શકશે કે જો આ બાબતોમાં વહેમની વાતો ફાવી ગઈ હોત અને પૂલો તથા નહેરો બંધાયાં ન હોત, તો હિન્દુસ્તાનની વૃદ્ધિ તથા સમૃદ્ધિને અટકાવ થાત તથા દુકાળનું જોર ઘણું વધી જાત.

તેજ પ્રમાણે દરેક માણસના જીવનમાં રોજ નાના પ્રસંગો આવે છે, તેમાં જો બુદ્ધિ વાપરવાને બદલે માણસ વહેમથી દોરાઈ જાય તો તેટલે દરજ્જે માણસ ગરીબ થાય છે, ને તેને પરિણામે આખા દેશને સહન કરવું પડે છે.

ઘણી નાની નાની બાબતોમાં બુદ્ધિ ન વાપરવાથી માણસ ગરીબ અને અશક્ત થઈ જાય છે. હિન્દુસ્તાનમાં બાળકને છાજે એવા સેંકડો વિનાશક વહેમો ચાલે છે. તે દરેકની વિગતમાં

ઉતરવાથી ઘણું લંબાણ થવાનો ભય છે, એટલે આ વહેમોમાંથી આપણે એકાદજ દાખલો લઇશું.

દાખલા તરીકે જ્યારે કોઈ ગામમાં કોલેરા ફાટી નીકળે છે, ત્યારે મોટાં મોટાં માણસો વિચાર કરવા ભેગાં થઇને નક્કી કરે છે કે કોઇ દેવ આપણા ગામ પર ક્રોધાયમાન થયો છે. પછી તેને શાંત કરવા દરેક ઘરના બારણા ઉપર થોરનો ટુકડો લટકાવે છે.

લોકો આમ કરે તેમાં કંઈ નુકસાન નથી, પણ ખરૂં જોતાં એનાં પરિણામ બહુ નુકસાનકારક થાય છે, કેમકે આ રિવાજના પરિણામે રોગ અટકાવવા માટે લોકો પગલાં લેતા નથી, પણ તેને બદલે પોતાની જીંદગી આવા વહેમને લીધે જોખમમાં નાખે છે; આથી ઘણાં માણસના જીવ જાય છે.

નાના નાના રોગ અને દુઃખો માટે પણ વહેમી લોકો આવાજ અર્થ વગરના ઉપાય કરે છે, અને પોતાની વહેમી માન્યતાઓને લીધે તે બિચારાંને ખરો ઉપાય કદી સૂઝતોજ નથી.

૭. વહેમમાંથી બચવાના ખરા ઉપાય

ઘણા માણસો હવે સમજતા થયા છે કે વહેમના ગુલામ થઇ જવાથી ઘણી ચિંતા થાય છે અને પોતાની તેમજ પોતાના દેશની નબળાઇ વધે છે. પરંતુ પોતાના કુટુંબ અથવા જ્ઞાતિ તરફથી વારસામાં મળેલા વહેમોનો ત્યાગ કરતાં ઘણી મુશ્કેલી પડે છે.

આવી સ્થિતિમાં સારામાં સારો રસ્તો એ છે, કે તેને વીતતી દરેક વાત છૂટક છૂટક ધ્યાનમાં લેવી, ને તેને પહેલેથી છેલ્લે સુધી વિચારી જવી. વાચન કે વાતચીતની મારફતે એ વિશેષ બીનાઓના અભિપ્રાય જાણવા, ને આખરે અમુક નિર્ણય પર આવવું.

જેમ જેમ કોઈ દેશના માણસો ઇશ્વરના પ્રેમ પર વધારે શ્રદ્ધા રાખનાર, અને પોતાની વિવેકબુદ્ધિનો તથા વિજ્ઞાનનો વધારે ઉપયોગ કરનાર થતા જાય છે, તેમ તેમ તેમના વહેમ ઓછા થતા જાય છે, અને તેઓ પાયા વગરની તેમજ અર્થ વગરની વાતો માનતા નથી. એકજ સર્વશક્તિમાન ઇશ્વર ઉપર દૃઢ શ્રદ્ધા રાખવી એ ઉપરના બધા વહેમો દૂર કરવાનું સૌથી સરસ સાધન છે, અને બીજા નંબરનું સાધન તે વિજ્ઞાન છે.

જો બુદ્ધિ વાપર્યાં છતાં વહેમમાંથી ન છૂટાતું હોય તો ઈશ્વરની પ્રાર્થના કરી માગવું, કે ‘ઓ પ્રભુ બાપ, મને વહેમની જાળમાંથી છૂટો કર.’

એક મહાન ગુરૂએ કહ્યું છે, કે “તમે સત્ય સમજો એટલે સત્ય તમને સ્વતંત્ર કરશે.”

ઈશ્વરની સંગત રાખવાથી માણસ પોતાના મનને કેળવી વારસામાં મળેલ વહેમી સ્વભાવને પણ સુધારી શકે છે, અને સુખી જીવન ગાળી શકે છે.

કેળવણી, સત્સંગ, જ્ઞાન અને ઇશ્વર પર શ્રદ્ધા રાખવાથી માણસ હલકા સ્વભાવ તથા ભયમાંથી મુક્ત થઈ જગતને બતાવી શકે છે કે પોતે પશુ કે નસીબને વશ પુતળું નહિ, પણ મનુષ્ય છે.

નજર લાગવી, ભૂત, શકુન અપશકુન, નસીબ, ગ્રહદશા. મંત્ર, તાવીજ, અને જાત્રા વગેરેના વહેમમાંથી બચવાનો સૌથી ઉત્તમ રસ્તો પ્રભુની સંગત અને સંપૂર્ણ શ્રદ્ધા છે.

૮. પ્રશ્નો

૧. વહેમ એટલે શું ?

૨. લોકોમાં સામાન્ય હોય એવા થોડાક વહેમ કહી બતાવો.

૩. છીંકને લગતા વહેમોનું વર્ણન કરો, અને તેમાં અક્કલથી ઉલટું શું છે તે બતાવો.

૪. નજર લાગવાનો વહેમ લોકોમાં કેટલો ફેલાએલો છે તે કહો, ને એ વહેમ કેમ નહિ માનવો તેનાં કારણો બતાવો.

૫. જોષ જોવાની વાત સમજાવો, ને તેથી હિન્દનું કંઈ ભલું થયું નથી તે બતાવો.

૬. વ્યક્તિગત જવાબદારી સાથે નસીબની વાત કેવી રીતે બંધબેસતી આવતી નથી તે બતાવો.

૭. વહેમની અસર દૂર કરવાના બે ખોટા ઉપાયો બતાવો.

૮. લોકો મંત્ર અને તાવીજનો ઉપયોગ કેમ કરે છે, અને તેનું શું પરિણામ આવે છે?

૯. લોકો તીર્થજાત્રા શા માટે કરે છે? અને તેનું પરિણામ કેવું આવે છે?

૧૦. વહેમ ઘણો વધવાનો સંભવ છે તેનું શું કારણ?

૧૧. ખરેખરી આત્મિક અને કાલ્પનિક બાબતો વચ્ચેનો ભેદ સમજવા શું કરવું?

૧૨. વહેમથી હિન્દની વૃદ્ધિને નુકસાન થયું હોત એવા બે દાખલા આપો.

૧૩. માણસ કોઈ ખોટા ખ્યાલને ભરોસે રહ્યા હોય એવો એક દાખલો આપો.

૧૪. કોઈ માણસ વહેમમાં ઉછર્યો હોય, તો તે કેવી રીતે છૂટી શકે તે પૂરી રીતે સમજાવો.

1st Edition : 5,000 Copies.

Printed and published for the
Gujarat Tract and Book Society by J. Rogers,
at the Mission Press, Surat.
1931